RAJKOT CHAMBER OF
COMMERCE & INDUSTRY



# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા મુંબઈ-રાજકોટ-મુંબઈ વચ્ચે ચાલતી "તેજસ સુપર ફાસ્ટ સમર સ્પેશ્યલ ટ્રેન" ને દરરોજ ચલાવવા રેલ્વેમંત્રીશ્રી સમક્ષ રજુઆત કરવામાં આવેલ...

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા મુસાફરોને વધુ સારી રેલ્વે સુવિધા મળી રહે તે માટે હરહંમેશ રજુઆતો કરી તેનું નિરાકરણ લાવવા પ્રયાસ કરે છે. ત્યારે રોજ બરોજ વેપાર-ઉધોગકારો અને આમ પ્રજાજનો રાજકોટ થી મુંબઇ વચ્ચે મુસાફરી કરતા હોય છે. આ બન્ને શહેરો વચ્ચે અમુક દૈનીક તેમજ અમુક માર્યાદિત સમય માટે ટ્રેનો ચાલી રહી છે પરંતુ વિશાળ ટ્રાફિકના કારણે આવી ટ્રેનો ભરચક રહે છે.

રેલ્વે મંત્રાલય દ્વારા હાલમાં ટ્રેનનં. ૦૯૦૦૫ / ૦૯૦૦૬ મુંબઇ-રાજકોટ-મુંબઇ "તેજસ સુપર ફાસ્ટ સમર સ્પેશ્યલ ટ્રેન" ચલાવવામાં આવી રહી છે જે અઠવાડીયામાં ત્રણ દિવસ ચાલે છે. આ સમર સ્પેશ્યલ ટ્રેનમાં ખુબ જ ટુંકા ગાળામાં વેઇટીંગ પીરીયડ અને RAC રીઝર્વેશન થઇ ગયેલ હોવાથી તેમજ મુસાફરોને સારી સુવિધા મળતી હોવાથી "તેજસ સુપર ફાસ્ટ સમર સ્પેશ્યલ ટ્રેન" જે અઠવાડીયામાં ત્રણ દિવસ ચાલે છે તેને દરરોજ ચલાવવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના ઉપપ્રમુખ અને DRUCC મેમ્બરશ્રી પાર્થભાઇ ગણાત્રા દ્વારા રેલ્વેમંત્રીશ્રી અશ્વિની વૈષ્ણવજી, વેસ્ટર્ન રેલ્વે મુંબઇના જનરલ મેનેજરશ્રી અશોક કુમાર મિશ્રા તથા રાજકોટ ડિવીઝનલ રેલ્વે મેનેજરશ્રી અશ્વની કુમારને રજુઆત કરવામાં આવેલ છે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.